ૐ

મોક્ષપ્રદીપિકા

સટીક

રચનાર :—

શ્રીમત્પરમહંસ પરિવ્રાજકાચાર્ય,

શ્રી ૧૦૮ સ્વામી પરમાનંદજી મહારાજ મંડલેશ્વર

શ્રી જૂનાપીઠાધીશ્વર

કાશી

પ્રકાશક:

મોહનલાલ નારણદાસ પટેલ

દરીયાપુર નાની હવેલીની પોળ,

અમદાવાદ.

સં. ૧૯૯૭ [અમૂલ્ય] સને ૧૯૪૧

મહાશીવરાત્રી પ્રત ૧૦૦૦ બીજી આવૃતી

ॐ

મોક્ષપ્રદીપિકા

સટીક

રચયિતા :—

શ્રીમત્પરમહંસ પરિવ્રાજકાચાર્ય
શ્રી મંડલેશ્વરવર્ય

શ્રી ૧૦૮ સ્વામી પરમાનંદજી મહારાજ
(શ્રી જૂનાપીઠાધીશ્વર)
કાશી.

પ્રકાશક :—

મોહનલાલ નારણદાસ પટેલ

દરીયાપુર, નાની હવેલીની પોળ,
અમદાવાદ.

પુસ્તક મળવાનું ઠેકાણું:—

श्रीमती साङ्ग ब्रह्मविद्या पाठशाला,
टेढ़ीनीम, बनारस सिटी ।

ગુજરાતીમાં અનુવાદ કરનાર

ઠાકર ઉધ્ધરલાલ રેવાશંકર સિદ્ધપુરનિવાસી.

હાલ નવાતળીયાની પોળ, અમદાવાદ.

પ્રત ૧૦૦૦ આવૃત્તિ ૨જી

ભૂમિકા

"ૐ નમઃ શિવાય" આ મહામંત્રનો વિશેષ સંખ્યામાં જપ કરવાવાળા ઘણા ભકતજન, સત્પુરૂષોને આ પવિત્ર જપના પ્રભાવથી શ્રી ભગવાન શંકરજીના સ્વપ્નામાં પ્રત્યક્ષ દર્શન થાય છે તથા "જપાત્મસિદ્ધી" આ વચનથી મનકામના પણ જરૂરથી પૂર્ણ થાય છે. કારણકે કલીયુગમાં સંકીર્તન તથા જપથી જ ભગવાન પ્રાપ્તી થાય છે. આ મંત્રનો મહીમા સ્વયં જપાનુષ્ઠાઈ માણસ અનુભવ કરી શકે છે. મંત્ર લખવાનું પ્રમાણરહીત છે.

અગાધ સંસારમાં ડુબતા મનુષ્યોને માટે કયું સાધન છે જેના આધારથી તેઓ જન્મમરણના પ્રવાહથી શાન્તિ પામે ? આ બાબતમાં શ્રુતિ પોકાર કરી રહી છે "ऋते ज्ञानान्नमुक्ति रिति" અર્થાત જ્ઞાનવિના મુકિત કદાપી મળતી નથી. આવું શાસ્ત્રનું પ્રમાણ છે. 'અત એવ વેદ સ્વયં અપને કંઠસ્વસે ઘોષણા કરે છે કે દરેક પ્રાણીને પોકારી પોકારી કહે છે, **यथा "उत्तिष्टतः जाग्रत, प्राप्यवरान्निबोधतक्षुरस्यधारानिशिता दुरत्यया दुर्गपथस्तत् कवयोवदन्ति**" આ કઠવલ્લી, ઉપનિષદ્‌ની અંદર ધર્મરાજ નચકેતાના સંવાદમાં ચોખ્ખું સમજાય છે કે જ્ઞાનનો પંથ કેટલો કઠણ છે. જેવી રીતે તલવારની ધાર પર ચાલવાનું કઠણ છે એવી રીતે જ્ઞાનનો માર્ગ કઠણ છે. આ બાબતમાં ગોસ્વામી તુલસીદાસજી રામાયણની અંદર કહ્યું છે કે "**ज्ञानकी पंथ कृपाणकी धारा**" અર્થાત જ્ઞાનનો માર્ગ તલવારના માર્ગ જેવો છે. આવા જ્ઞાનની ચર્ચા ભગવાનના ભકતોના કલ્યાણને માટે છે તે આ નાનકડા પૂસ્તકમાં રજુ કરીશ.

ગુરૂ સ્તુતિ

સ્વામી પરમાનંદજી કરૂણાકંદજી વંદીએ વારંવાર.

મીટે દુઃખ હૃદયનાં સ્વામી કરો અનુગ્રહ આપ,
પરમેશ્વરના નામ સ્મરણનો જપુ નિરંતર જાપ રે. (સ્વામી)

રક્ષણ કરતા દેવ દયાળુ ભકત તણા પ્રતિપાળ,
માતપીતા સમ સ્વામી કૃપાળુ નીત લેજો સંભાળ રે. (સ્વામી)

નંદતણા ઉદ્ધારણ કારણ કૃષ્ણ બન્યા ગોપાળ,
દયા કરી પ્રભુ અમને આપો વેદનો સારંસાર રે. (સ્વામી)

જીવન મારૂં સાફલ્ય કરવા માર્ગીએ વારંવાર,
કીર્તન ઓછવ સંત સમાગમ સ્થાપી જગદાધાર રે. (સ્વામી)

જે જન સેવે સંત ચરણને ધરી હૃદયે શુદ્ધ ભાવ,
હોશ કરી ઠાકર ઇશ્વર કહે છે ડુબશે નહી ભકતના નાવ રે. (સ્વામી)

ઇતિ શિવમ્





श्रीमत्परमहंस परिव्राजकाचार्य मण्डलेश्वर

श्रीमान १०८ श्री स्वामी परमानन्दजी महाराज

टेढ़ीनीम, काशी। हरिहर आश्रम हरद्वार ॥

પ્રસ્તાવના

ભકતજનો, સુજ્ઞ વાંચકજનો, મુમુક્ષુજનોના કલ્યાણાર્થે શ્રીમત પરમહંસ પરિવ્રાજકાચાર્ય શ્રી ૧૦૮ શ્રી પરમાનંદજી મંડલેશ્વર (જુનાપીઠાધીશ) એ મોક્ષપ્રદીપિકા નામનું પૂસ્તક તૈયાર કરેલું, પરંતુ ગુજરાતી ભાષામાં શ્લોકના અર્થ છપાય તો અહીંની ગુર્જર પ્રજાને લાભ થાય આ હેતુથી તેઓશ્રીએ મને આજ્ઞા કરી તેથી શ્લોકોના ગુજરાતીમાં અર્થ કરી પૂસ્તકરૂપે તૈયાર કરવામાં આવ્યું છે, અને આ ધાર્મિક પુસ્તક ભકત લોકોને વહેંચવા માટે **રા. રા. મોહનલાલ નારણદાસ પટેલે** છપાવી આપ્યું છે, તેમનો તથા જે મિત્રોએ પ્રુફ વાંચવામાં મદદ કરી છે તેમનો અંતઃકરણપૂર્વક ઉપકાર માનું છું.

શ્રીમાન પરમહંસ પરિવ્રાજકાચાર્ય શ્રી ૧૦૮ શ્રી પરમાનંદજી મહારાજ મંડલેશ્વર એમણે લોકના કલ્યાણ માટે આવાં પુસ્તકો તૈયાર કરી પુસ્તકો દ્વારા જે જ્ઞાન આપવાનો શ્રમ ઉઠાવેલ છે, તેનો મુમુક્ષુજનો લાભ લે તો જ તેઓશ્રીનો શ્રમ સફળ થયો ગણાય. અસ્તુ.

ઠેકાણું
નવા તળીઆની
પોળ લુણસાવાડો,
અમદાવાદ.

લી॰
ઠાકર ઇશ્વરલાલ રેવાશંકર
સિદ્ધપુરનિવાસી
(સ્માર્તયાજ્ઞિક)

મંગલાચરણ

वामाङ्क भागे नगराज पुत्री, यस्य प्रसादो न पुनर्भवाय।
तं देव देवं मनसा प्रणम्य मनोरथं स्वं सततं प्रयाचे ॥१॥

અર્થ—હીમાલયની પુત્રી, પાર્વતી જેનાં વામ ભાગે બીરાજેલાં છે તે બધા દેવતાઓના પ્રધાન શંકરનું ધ્યાન કરી, અમારા અંતઃકરણમાં જે જે ઉર્મીઓ ઉદ્‌ભવી છે, તેની પ્રાપ્તી માટે નિરંતર યાચના કરૂં છું કેમકે શંકરની પ્રસન્નતા આ સંસારના જન્મમરણાદી પ્રવાહને નાશ કરવાવાળી છે. ૧.

मीमांसकान् यः कुमुदीचकार दिवान्धतांयेन गतः कणादः।
सांख्यं तमो यत्र कथावशेषं तं शङ्करं सूर्यमिवस्मरामि ॥२॥

શ્રીમદ્ શંકરાચાર્ય ભગવાને આ અવૈદીક ધર્મનું ખંડન કરી વેદાન્ત શાસ્ત્રનો અર્થ કરી મુમુક્ષુજનો માટે બનાવેલા બીજા મતવાદીઓએ બનાવેલા કણાદના મતનું ખંડન કરી બ્રહ્મને સર્વથા શ્રેષ્ટ બતાવ્યું છે જેના પ્રભાવને લીધે સારા વિચારો ઉદ્‌ભવ્યા, અને સાંખ્ય શાસ્ત્રમાં કપીલ ભગવાનની કથા માત્ર રહી ગઇ. આવા સૂર્ય સમાન પ્રચંડ તેજવાળા ભગવાન શંકરાચાર્યનું ધ્યાન મનથી કરૂં છું. ૨.

અથ મન્ત્ર મહિમા.

संसारासारतां वुध्वा जन्म विध्वंस कारकः ।
नमः शिवाय मन्त्रोऽयं दया भावेन चोदितः ॥३॥

આ સંસારમાં, કાંઈ સાર અથવા તત્વ નથી આવું સમજી મહાદેવજીએ બધા મન્ત્રોમાં શ્રેષ્ઠ જન્મમરણનો નાશ કરવા માટે ઓં નમઃ શિવાય મન્ત્ર સંસારીક તપેલા જીવો પર કૃપા કરી બતાવ્યો છે. ૩.

जपति यश्च मोक्षाय गन्ता संसारसागरात् ।
मन्त्रराजस्यसामर्थ्यं केन वक्तुं हिशक्यते ॥ ४ ॥

જે મનુષ્યો સંસારમાં જન્મ ટાળવા માટે "ઓં નમઃ શિવાય" આ મન્ત્રનો જપ કરે છે તે મનુષ્ય જરૂરથી સંસાર સમુદ્રથી તરી જાય છે, કારણકે બધા મન્ત્રોમાં આ મન્ત્ર શ્રેષ્ટ છે. આ મંત્રની શક્તિનું કોણ વર્ણન કરી શકે તેમ છે. ૪

धन पुत्र कलत्राणां सेवितो येन वांछया ।
प्राप्यते चात्रतत्सर्वमाप्त वाक्य प्रमाणतः ॥ ५ ॥

જે પ્રાણી ધન, પુત્ર, સ્ત્રીની ઈચ્છાથી આ મન્ત્ર જપે છે તો તેને તેના મનવાંછીત પ્રાપ્તી થાય છે. શ્રી ભગવાન શંકરના વચન પર વિશ્વાસ રાખી જપ કરવો, તેમાં કાંઈ શંકા રાખવી નહી. ૫.

सार्वं भौमत्व सम्प्राप्ते भोगेच्छा खलु नो भवेत् ।
संसारस्य वशीकारो मन्त्रराजेन दीयते ॥ ६ ॥

ચક્રવર્તી મહારાજા થયા છતાં સારા સારા ભોગો ભોગવવાની ઇચ્છા ન હોય તોપણ આ મન્ત્રરાજ સંસારના ભોગોથી નિવૃત કરી વશીકારનામક ઉત્તમ વૈરાગને આપે છે.

तूर्णं विचिन्त्यतां राजन् मनो-रोद्धुम्चिकीर्षया ।
तदा शुभचितास्थैर्यं यद् योगेनात्मदर्शनम् ॥ ७ ॥

હે રાજન્ ! મનની સ્થિતિ ઇચ્છાથી આ મન્ત્રરાજને જલદી જપો તો આપનું મન જલદીથી સ્થિરભાવને પ્રાપ્ત થાય છે. આ સ્થિરભાવથી જલદીથી આત્માનો સાક્ષાત્કાર થાય છે.

जपात् सिद्धिर्भवेत पुंसां चिरकालेन सेवया ।
चिन्तनाज्जायते शीघ्रं मनोवेगक्षयाद् यतः ॥ ८ ॥

મનુષ્યોને જપ કરવાથી સિદ્ધિ બહુ દીવસે થાય છે પરંતુ આ મન્ત્રરાજના સ્મરણથી તથા ધ્યાનથી જલદીથી સિદ્ધિની પ્રાપ્તી થાય છે કારણકે ચિન્તવનથી મનની શકિત સ્થિર થાય છે.

वेदाध्ययनजं पुण्यं गोदानेनच यद् भवेत् ।
समागच्छन्ति ते सर्वे मन्त्रराजस्य चिन्तनात् ॥ ९ ॥

બ્રાહ્મણોને વેદનું અધ્યયન કરવાથી જે ફળ પ્રાપ્ત થાય છે તેમજ ગાય તથા કન્યાદાન દેવાથી જે ફળ પ્રાપ્ત થાય છે તે ફળ ફક્ત આ મન્ત્રરાજના ચિન્તવનથી જલદીથી પ્રાપ્ત થાય છે.

अक्षमयी करे यस्य विद्या भवति शारदा
शारदा सर्वदा तत्र भक्तिः प्रेममयी तथा ॥१०॥

જે પુરૂષ રૂદ્રાક્ષની માળાથી જપ કરે છે એ મનુષ્યને આત્માનો સાક્ષાત્કાર થવાની વિદ્યા પ્રાપ્ત થાય છે. એના કુળમાં ભકિત-પ્રેમને આપવાવાળી સાક્ષાત સરસ્વતી નીવાસ કરે છે અર્થાત એના કુટુંબમાં સાક્ષાત બ્રહ્મવિદ્યાનો સદાકાળ વાસ થાય છે

संसाराब्धिं परित्यज्य सुखाब्धौच निमज्जति ।
पूर्वपुण्यबलाद्यस्य मंत्रराजे मतिः सदा ॥११॥

પૂર્વ જન્મના પૂણ્યબલથી જેની મતિ હમેશાં મંત્રરાજ્યમાં રહે છે તે પ્રાણી આ મનુષ્ય અવતાર ત્યાગ કર્યા પછી સુખરૂપી સમુદ્રમાં પ્રવેશી અલૌકીક આનન્દનો અનુભવ કરે છે, અર્થાત્ તે મનુષ્ય મોક્ષપદને મેળવે છે.

प्रदिव्य सुख लाभाय चिन्त्यतां मनसा सदा ।
मंत्रराजस्य कारुण्याल्लभतेशमनुत्तमम् ॥१२॥

બ્રહ્મલોકમાંના દિવ્ય પદાર્થોના ભોગોની ઈચ્છા હોય તો એકાગ્ર મનથી હમેશાં મન્ત્રરાજને જપ્યા કરે. કારણકે આ મન્ત્ર-રાજની કૃપાથી અતિ ઉત્તમ સુખ પ્રાપ્ત થાય છે.

न भयं देवराजस्य न भयं चक्रवर्तिनः ।
न भयं गर्भवासस्य मुखाग्रेयस्य कीर्तनम् ॥१३॥

જે મનુષ્યના જીહ્વાગ્રે આ મન્ત્રરાજ વિદ્યમાન છે તેવા મનુષ્યને ઈંદ્ર સરખા દેવનો પણ ભય રહેતો નથી અને ચક્રવર્તિ રાજાનો પણ ભય રહેતો નથી. સર્વ યાતનાઓથી મોટી યાતના ગર્ભ-વાસની પણ બીક રહેતી નથી અર્થાત્ જન્મમરણનો પણ ભય ટળી જાય છે.

विष्णु ब्रह्म महेशानां परोक्षं ज्ञानमुच्यते ।
प्रत्यक्षं मंत्रराजस्य चिन्तनात्तु समीक्ष्यते ॥१४॥

"સ્વર્ગોઽસ્તિ" આ વાક્યથી સ્વર્ગનું પરોક્ષ જ્ઞાન થાય છે આવું શબ્દાત્મક વેદ, શાસ્ત્રાદિના આધારે પ્રથમ બ્રહ્મા, વિષ્ણુ, મહેશ્વરનું પરોક્ષ જ્ઞાન થાય છે પછીથી મન્ત્રરાજના જપ મહાત્મથી

બ્રહ્મા, વિષ્ણુ, મહાદેવનું અપરોક્ષ જ્ઞાન પોતાની જાતે મનુષ્ય અનુભવ કરે છે.

દ્રષ્ટાંત

આ મન્ત્રરાજનું મહાત્મ બીજા પુરાણોમાં પણ કહેલું છે. જેવી રીતે બ્રહ્મોતરખંડ પૂરાણમાં ગૌતમ મુનીએ આ મન્ત્રરાજનો ઉપદેશ એક ચંદ્રશેખર રાજાની પુત્રી દીવ્યપ્રભાને કર્યો હતો, આ રાજપુત્રી એકાગ્ર મનથી આ મન્ત્રરાજનું અનુષ્ઠાન પૂર્ણ અભ્યાસની સાથે કરતી હતી. જ્યારે આ રાજકુમારી પરણાવવા લાયક થઈ ત્યારે તેના પિતાએ એક સારા વિદ્વાન રાજપુત્રને જોઈ તેની સાથે લગ્ન કર્યા બાદ જ્યારે આ રાજકુમારી પોતાના સાસરે ગઈ ત્યારે તેના સ્વામીની સેવા કરવા જતાં રાજકુમારે તેના શરીરને સ્પર્શ કર્યો. સ્પર્શ થવાની સાથે જેમ દેવતા ઉપર હાથ પડે ને હાથ દાઝે છે તે પ્રમાણે આ રાજકુમારનો હાથ બળવા લાગ્યો, ત્યારે રાજકુમારે તેને પૂછ્યું કે હે પ્રિયે! તમો સુંદર છતાં હાથનો સ્પર્શ થતાં મને ગરમ કેમ લાગે છે? ત્યારે કુંવરી કહેવા લાગી કેઃ—હે પ્રિય સ્વામી, હું જ્યારે નાની હતી તે વખતે મારા પિતાને ત્યાં એક વખત ગૌતમ મુની પધાર્યા તેમણે મને પ્રસન્ન થઈ એક મન્ત્ર આપ્યો અને તેની સાથે વરદાન આપ્યું કે આ મંત્રનો જપ કરનાર પુરૂષજ તારા શરિરને સ્પર્શ કરી શકશે, તે સિવાયનો પુરૂષ સ્પર્શ કરે તો તેને અગ્નિ સમાન દાહ થાય. આવું સાંભળી રાજકુમાર આશ્ચર્ય થઈ કહેવા લાગ્યો, કે હે પ્રિયે, એ મંત્ર મને શીખવાડો અને તમે મારા ગુરૂ થાઓ, ત્યારે રાજકુમારી બોલી કે હે સ્વામી તમે મારા સ્વામી છો હું તમારી દાસી છું મારાથી તમને મંત્રનો ઉપદેશ આપી શકાય નહી માટે તમો ગુરૂ મહારાજ ગૌત્તમઋષિના પાસે જાઓ તેઓ તમને મંત્ર આપશે. આવું

સાંભળી તરત રાજકુમાર ગૌતમઋષિના આશ્રમ તરફ રવાના થયો. ત્યાં ગયા પછી ગૌતમઋષિના ચરણમાં દંડવત પ્રણામ કરી હાથ જોડી ઉભો રહ્યો, એટલે ગૌતમરૂષી પ્રેમપૂર્વક પુછવા લાગ્યા કે હે રાજકુમાર, કેમ અત્રે પધારવું થયું છે? એટલે રાજકુમાર હાથ જોડી કહેવા લાગ્યો, કે મહારાજ મારી ઉપર કૃપા કરી મને મંત્રરાજનો ઉપદેશ આપો અને પોતાની રાણી સાથે થયેલી વાતચીત કરી એટલે, પછી ગૌતમરૂષિએ રાજકુમારને મંત્રરાજનો ઉપદેશ આપ્યો, આ મંન્ત્રના ઉપદેશથી જે જન્માંન્તરનું પાપ હતું તે પાપ ડાબા કાનથી નીકળી કાગડાનું રૂપ ધારણ કરી રાજકુમારની આજુબાજુ ફરી બળી ગયું એટલે રાજકુમાર પોતાના ગુરૂમહારાજની રજા લઇ ઘેર આવ્યો પછી આ મંત્રરાજનું અનુષ્ઠાન કર્યું. કેટલાક વખત પછી આ રાજકુમારી જેટલું તેજ ને શક્તિ પ્રાપ્ત કરી.

અબ્રાર્પણં બ્રહ્મહવિ.

ભોજન કરતી વખતે હાથમાં જળ લઇ નિચેનો શ્લોક બોલવો.

ब्रह्मार्पणं ब्रह्महविर्ब्रह्माग्नौ ब्रह्मणाहुतम् ।
ब्रह्मैव तेन गन्तव्यं ब्रह्म कर्म समाधिना ॥

(गी० अ० ४ श्लो० २४)

અર્થ—જે કુંડમાં આહુતી આપવામાં આવે છે, જે હોમનું દ્રવ્ય છે, આ દ્રવ્ય પણ બ્રહ્મ છે અને બ્રહ્મરૂપ અગ્નિમાં હોમવાવાળો પુરૂષ પણ બ્રહ્મ છે. જે આહુતી આપીએ છીએ તે પણ બ્રહ્મ છે. આવી રીતે સર્વને બ્રહ્મની નજરથી જેનાર વિદ્વાન પુરૂષ બ્રહ્મને પ્રાપ્ત થાય છે અર્થાત્ બ્રહ્મરૂપ થઈ જાય છે. **ब्रह्मवित् ब्रह्मैव भवति इतिश्रुते**" બ્રહ્મને જાણવાવાળો બ્રહ્મ છે.

પછી નીચેનો એકેક મન્ત્ર બોલી પાંચ ગ્રાસ લેવા.

પછી જળ લઈ આચમન કરવું અથવા ડાબા હાથની આંગ-ળીથી જળનો સ્પર્શ કરી જમણા હાથના મણીબંધમાં લગાડી જમણી આંખમાં લગાડી પછી ઇચ્છા પ્રમાણે ભોજન કરવું.

प्राणाय स्वाहा । १ । व्यानाय स्वाहा । २ । अपानाय स्वाहा । ३ । समानाय स्वाहा । ४ । उदानाय स्वाहा । ५ ।

सुमन्त्रराजमाहात्म्यं यः पठेच्छिव सन्निधौ ।
रुद्रलोकमवाप्नोति गणो भूत्वावसेच्चिरम् ॥ १५ ॥

આ મંત્રરાજના મહાત્મનો જે પુરૂષ મહાદેવના મંદીરમાં બેસી શ્રદ્ધાપૂર્વક પાઠ કરે છે તે પુરૂષ રૂદ્ર લોકમાં જાય છે, ત્યાં જઈ રૂદ્રનો ગણુ થઇ ચીરકાલ પર્યંત વાસ કરે છે.

देवन्नत्वा जगन्नाथं स्वकच विद्या गुरुन्तथा ।
यतीन्द्रः परमानन्दो मंन्त्रराजस्य वर्णनम् ॥१६॥

જગતના સ્વામી પરમેશ્વરને તથા પોતાના વિદ્યાગુરૂને નમ-સ્કાર કરી યતિન્દ્ર પરમાનંદજીએ મંત્રરાજનું મહાત્મ વર્ણવ્યું છે.

મહાત્મ સંપૂર્ણ.

ભક્તિયોગ

भक्त्या नमामि विश्वेशं स्वञ्च विद्या गुरुन्तथा ।
प्रणम्य शिरसा नित्यं पार्वती प्राणवल्लभम ॥१॥
गीतार्थभावव्याख्यानन्तत्वज्ञानविभूषितं ।
यतीन्द्र परमानन्दो ब्रवीति विदुषां मुदे ॥२॥
गीतार्थ ज्ञान विज्ञानं देवैः संप्रार्थ्यते सदा ।
मुमुक्षो स्तत्त्व बोधाय चिकित्सा क्रियते मया ॥ ३ ॥

ભક્તિપૂર્વક પરમાત્માને તથા પોતાના વિદ્યાગુરૂને નમસ્કાર કરૂં છું અને પાર્વતિના સ્વામિ મહાદેવને પ્રણામ કરી અતિ ઉત્તમ વિદ્વાનોના આનંદને વધારવા માટે ગીતાના વ્યાખ્યાનોનું હું પરમાનંદ ભાષાન્તર કરૂં છું. મોક્ષની ઇચ્છાવાળા મનુષ્યોના કલ્યાણ માટે અજ્ઞાનરૂપી અંધકારને દૂર કરવા સહેલો ઉપાય ભગવાન કૃષ્ણે ગીતાના બારમા અધ્યાયમાં બતાવ્યો છે. આ સંસાર તરવાનો ઉપાય આ ઘોર કળીયુગમાં છે. સાધારણ રીતે સમજવામાં આવતો નથી, એટલા વાસ્તે ભાવાર્થ સાથે વ્યાખ્યા (અર્થ) દ્વારા હું પ્રકાશિત કરૂં છું.

एवं सतत युक्ता ये भक्तास्त्वांपर्युपासते ।
ये चाप्यक्षरमव्यक्तं तेषां के योग वित्तमाः ॥१॥

આપના ચરણનું દરરોજ ધ્યાન કરવાવાળા અથવા આપના નિર્ગુણ સ્વરૂપનું હંમેશાં ધ્યાન કરવાવાળા આ બેમાં કોણ શ્રેષ્ઠ છે?

मय्यावेश्य मनो ये मां नित्य युक्ता उपासते ।
श्रद्धया परयोपेतास्तेमेयुक्ततमा मताः ॥ २ ॥

જે પુરૂષ પોતાના મનને મારા ચરણમાં મન લગાડી હમેશાં મને ભજે છે તે શ્રદ્ધાવાન પુરૂષ મારો ભક્ત છે.

ये त्वक्षरमनिर्देश्यमव्यक्तं पर्युपासते ।
सर्वत्र गमचिन्त्यंच कूटस्थमचलं ध्रुवम् ॥ ३ ॥
संनियम्येन्द्रियग्रामं सर्वत्र सम बुद्धयः ।
ते प्राप्नुवन्ति मामेव सर्वभूत हिते रताः ॥ ४ ॥

મારૂં સ્વરૂપ સર્વત્ર વ્યાપક છે. જેનું અશુદ્ધ મનથી ચિંતન થઈ શકતું નથી. જેમાં કદાપી વિકાર નથી, તે ક્રિયા રહિત છે અને નિત્ય છે. જે પુરૂષ પોતાની બધી ઈન્દ્રીયોને કાબુમાં રાખી બધા મનુષ્યો પર સમાન દ્રષ્ટિ રાખી મારા એ નિર્ગુણ સ્વરૂપને ભજે છે તે પુરૂષ મને પામે છે.

क्लेशोऽधिकतरस्तेषामव्यक्तासक्तचेतसाम् ।
अव्यक्ता हि गति दुःखं देहवद्भिरवाप्यते ॥ ५ ॥

નિર્ગુણ ઉપાસકોને ઘણો કલેશ થાય છે કારણ કે દુઃખ વેઠી નિર્ગુણ ઉપાસક નિર્ગુણ બ્રહ્મની પ્રાપ્તી કરે છે.

येतु सर्वाणि कर्माणि मयि सन्यस्यमत्पराः ।
अनन्येनव योगेन मां ध्यायन्त उपासते ॥ ६ ॥

જે પુરૂષ સંપૂર્ણ કર્મો મને અર્પણ કરે છે, અને અનન્ય રૂપે અર્થાત્ અભેદરૂપે મારૂં જ ધ્યાન કરે છે.

तेषामहं समुद्धर्ता मृत्यु संसार सागरात् ।
भवामि न चिरात्पार्थ मय्यावेशित चेतसाम् ॥७॥

જન્મ મરણના પ્રવાહનું મૂળ કારણ અજ્ઞાન, આ અજ્ઞાનનો નાશ કરી હું એ ઉપાસકને સંસાર સમુદ્રથી જલદીથી તારી શકું

છું, કથા ઉપાસકને તારી શકું છું કે જેણે મારામાંજ પોતાનું મન સ્થાપ્યું છે.

मय्येव मन आधत्स्व मयि बुद्धिं निवेशय।
निवसिष्यसि मय्येव अत उर्ध्वं न संशयः॥ ८ ॥

મારામાં મનની વૃત્તીઓને જોડો, અર્થાત્ બધી જગાએથી મનની વૃત્તી રોકી મારામાં જોડો અર્થાત્ બધે હું છું તેવું જાણો આવી ભાવના કરવાથી મારામાં તમારો વાસ થશે તેમાં સંદેહ કરવો નહી.

अथचित्तं समाधातुं नशक्नोषि मयिस्थिरम्।
अभ्यास योगेन ततोमामिच्छाप्तुं धनंजय॥ ९ ॥

કદાપી મારામાં મન જોડવાની શક્તિ નથી તો હે ધનંજય! અભ્યાસ સાધનદ્વારા મને પ્રાપ્ત કરવાની ઇચ્છા કરો.

अभ्यासेप्यसमर्थोऽसि मत्कर्मपरमोभव।
मदर्थमपि कर्माणि कुर्वन् सिध्धिमवाप्स्यसि॥१०॥

કદાપી અભ્યાસ કરવા પણ શક્તિ ન હોય તો નિયમથી લૌકીક, વૈદીક સંપૂર્ણ કર્મ મારા માટે કરો, જે મનુષ્ય મારા માટે કર્મ કરે છે તે મનુષ્ય સિદ્ધીની પ્રાપ્તી કરે છે.

अथैतदप्यशक्तोऽसि कर्तुंमद्योगमाश्रितः।
सर्व कर्म-फल-त्यागं ततः कुरु यतात्मवान्॥११॥

મારા માટે કર્મ કરવાને પણ શકિતવાન ન હોય તો મારામાં સંપૂર્ણ કર્મનું ફળ સંન્યાસ વૃત્તી રાખો, મનને રોકી કર્મના ફલની આશા છોડી કર્મ કરવું (ત્યાગ વૃત્તી રાખવી)

श्रेयोहि ज्ञानमभ्यासाज्ज्ञानाद्ध्यानं विशिष्यते
ध्यानात् कर्म-बल-त्यागस्त्यागाच्छान्तिरनन्तरम्॥१२॥

અભ્યાસથી જ્ઞાન શ્રેષ્ઠ છે, અને પરોક્ષજ્ઞાનથી ધ્યાન શ્રેષ્ઠ છે અને ધ્યાનથી કર્મના ફલની ઇચ્છા રહીત કર્મ શ્રેષ્ઠ છે કારણ કે ત્યાગથી નિરંતર શાન્તિ રહે છે.

अद्वेष्टा सर्वं भूतानां मैत्रः करुण एवच ।
निर्ममो निरहंकारः समदुःखसुखःक्षमी ॥१३॥

ઉત્તમ ભક્તના લક્ષણ ભગવાન શ્રીકૃષ્ણ અર્જુનને કહે છે. બધા પ્રાણીઓ ઉપર દ્વેષ કરવો નહીં. બધાની સાથે પ્રેમ રાખવો. બધા પ્રાણીઓ ઉપર દયા રાખવી, કોઇ પણ પદાર્થ પર મમત્વ રાખવો નહીં. આપણામાં પ્રભુત્વનું અભિમાન ન રાખવું. સુખ દુઃખને સમાન જાણવું. સારામાં સારા ભક્તમાં આટલા ગુણો અવશ્ય હોવા જોઇએ. આવો અભિવેત્તા મનુષ્ય મને પ્રાપ્ત થાય છે.

संतुष्टः सततं योगी यतात्मा दृढ़ निश्चयः ।
मय्यर्पितमनोबुद्धिर्योमे भक्तः स मे प्रियः ॥१४॥

જે મનુષ્ય સંતોષ માનનારો છે જેને પોતાના મનનો નિરોધ કરેલો છે, જેને મારા સ્વરૂપનું જ્ઞાન દ્રઢ છે અને જેણે મન અને બુદ્ધિ મને અર્પણ કરેલાં છે તેજ મારો પ્યારો ભક્ત છે.

यस्मान्नोद्विजते लोको लोकान्नोद्विजते च यः ।
हर्षामर्ष भयोद्वेगैर्मुक्तो यः स च मे प्रियः ॥१५॥

જેનાથી લોક નારાજ ન થાય અને જે લોકથી અર્થાત્ સર્પ, વાઘ, ચોર, વગેરેથી ભય ન પામે. અને જેના અંતઃકરણમાં સુખ, ઐશ્વર્ય, ભય, તથા ગભરાટ વીગેરે ન હોય તે પુરૂષ મને પ્રિય છે. અને વારંવાર વંદનીય છે.

अनपेक्षः शुचिर्दक्षः उदासीनोगतव्यथः ।
सर्वारम्भ परित्यागी यो मे भक्तः स मे प्रियः ॥१६॥

મોક્ષની જેની ઈચ્છા નથી, કર્મ પર પણ જેનું મન નથી અર્થાત્ જેની કશામાં ઈચ્છા નથી. બધા શાસ્ત્રો, અને વેદતત્ત્વને જાણવાવાળો, ભોજન વીગેરે વ્યવહારમાં સંસારમાં જેની વૃત્તી થતી નથી, દેવતાઓના અનુષ્ઠાન વીગેરેમાં પણ જેની વૃત્તી થતી નથી જે મનુષ્ય લૌકીક, વૈદીક, કર્મોનો ત્યાગ કરવાવાળો ભક્ત મને પ્યારો છે.

यो न हृष्यति न द्वेष्टि न शोचति न काङ्क्षति ।
शुभाशुभ-परित्यागी भक्तिमान् यः स मे प्रियः ॥१७॥

પોતાને અનુકુલ એટલે પ્રિય વસ્તુ મળવા છતાં આનંદ માનતો નથી, અને પોતાને અપ્રિય વસ્તુ મળવાથી દુઃખ થતું નથી, જે કોઇ પણ વસ્તુની ઈચ્છા કરતો નથી કોઈ પણ જાતનું દુઃખ પડવાથી પણ ડગતો નથી ને તેની અસર મનમાં જરા પણ લાગતી નથી. સારૂં અથવા નરસુ (ખરાબ અગર માઠું) જેમને કશું નથી. બધે સમાન ભાવના છે, જેવી રીતે કમળના ફુલ પર પાણી રહેતું નથી આવા પ્રકારની વિશ્વની માયા જેને ફસાવી શકતી નથી આવો મનુષ્ય મને વહાલો છે.

समः शत्रौच मित्रे च तथा मानापमानयोः ।
शीतोष्ण सुख दुःखेषु समः सङ्ग विवर्जितः ॥१८॥
तुल्य निन्दा-स्तुतिर्मौनो सन्तुष्टो येन केनचित् ।
अनिकेनः स्थिर मतिर्भक्तिमान् मे प्रियोनरः ॥१९॥

જે મનુષ્ય, શત્રુ, અગર મિત્રને સરખા માનનારો છે અગર ટાઢ, તડકો, તથા સુખ દુઃખ સરખું માનનારો છે અને આત્મા દરેકમાં સરખો માનનારો છે, તે મનુષ્યની સ્તુતિ કરનાર અગર તેના ઉપર દ્વેષ કરનાર જેને મન બધાં સરખાં છે. પ્રારબ્ધ

વશથી જે કાંઈ મળે તેનામાં સંતોષ માનનારો છે, તેનું નિવાસસ્થાન નથી આવું જેને દૃઢ જ્ઞાન થયેલું છે એવો મનુષ્ય મને ઘણો જ વહાલો છે,

येतु धर्म्यामृतमिदं यथोक्तं पर्युपासते।
श्रद्दधाना मत्परमाभक्तास्तेऽतीव मे प्रियाः ॥२०॥

જે મારા આ બતાવેલા ધર્માનુસાર અમૃત તત્વને શ્રદ્ધાથી મનન કરે છે તથા નિર્ભય થઈને મારામાં લીન થઈ જાય છે આવા મનુષ્યો મને અત્યંત પ્રિય છે.

इति श्रीमत्परमहंस परिव्राजकाचार्य श्री स्वामी परमानन्द विरचित मोक्ष प्रदीपिकायां भक्ति योगो नाम द्वितीय खण्डः समाप्तः।

ॐ

જ્ઞાન યોગ

निष्कामकर्मणाशुद्धिस्ततोज्ञानंप्रवर्तते।
ज्ञाने प्राप्ते च मोक्षः स्यात् सर्वदुःखप्रणाशकः॥

નિષ્કામ કરવાથી અંતઃકરણની શુદ્ધિ થાય છે. ત્યારે અંતઃ-કરણથી જ્ઞાન થાય છે. આવા જ્ઞાનને પ્રાપ્ત કરનાર મનુષ્યનો મોક્ષ થાય છે. બધા દુઃખનો નાશ મોક્ષ છે.

ॐ यथाश्वलायनो भगवन्तं परमेष्टिनमुपसमेत्योवाच
अधोहि भगवन् ब्रह्मा विद्यां वरिष्टां सदासद्भिःसेव्यमानांनिगूढाम
यथाऽचिरात् सर्वपापंव्यपोह्य परात्परं पुरुषं याति विद्वान्॥१॥

ચાર સાધન વિના પણ રૂગવેદાચાર્ય અશ્વલાયન રૂષીએ બ્રહ્માજીની પાસે જઇ પુછ્યું કે ભગવંત, જન્મ મરણનો નાશ કરવાવાળી જે બ્રહ્મવિદ્યા સર્વ વિદ્યાઓમાં શ્રેષ્ટ છે. જે મહા પુરૂષ એનું સેવન કરે છે, યથાર્થ જાણે છે તે બ્રહ્મવિદ્યા આપ મને બતાલાવો.

"यथा तिलेषु तैलं दध्नीव सर्पि" इत्यादि

જેવી રીતે તલમાં તેલ છૂપાએલું છે. અને જેવી રીતે દહીંમાં માંખણ છૂપાએલું છે તેવી રીતે સર્વ ભૂતોમાં આત્મા રહેલો છે. છતાં પણ અવિદ્યાથી ઢંકાએલ છે (અગર જોઇ શકાતો નથી) જે બ્રહ્મવિદ્યા દ્વારા વિદ્વાન મનુષ્ય પાપનો નાશ કરે છે. માયાથી પર પુરૂષ (પરમાત્મા) ને પ્રાપ્ત કરે છે. આવી જે બ્રહ્મવિદ્યા તમને સમજાવો.

तस्मैन सहोवाच पितामहश्च श्रद्धाभक्तिध्यानयोगादवैहि॥२॥

અશ્વલાયક રૂષીને બ્રહ્માજીએ ઉત્તર આપ્યો કે શ્રદ્ધા, ભક્તિ, ધ્યાન, આ ત્રણ સાધનો છે તે સાધનો દ્વારા આત્માને ઓળખો.

न कर्मणा न प्रजया धनेन त्यागेनैके अमृतत्वमानशुः ।
परेण नाकं निहितं गुहायां विभ्राजते यद् यतयो विशन्ति ॥३॥

આ મોક્ષ કર્મથી અથવા પુત્રોથી અથવા ધનથી મળતો નથી પણ પરમહંસ આશ્રમ, સંન્યાસ, અર્થાત્ ત્યાગવાળા રૂષી મહાત્માએ અમૃત તત્ત્વથી મોક્ષની પ્રાપ્તી કરી છે આ મોક્ષ સ્વર્ગની ઉપર છે અને બુદ્ધિ રૂપી ગુફામાં રહેલો છે એને બ્રહ્મનો સાક્ષાતકાર કરનાર સંન્યાસી જ પ્રાપ્ત કરી શકે છે અર્થાત્ આ લોકોને મોક્ષની પ્રાપ્તી થાય છે.

वेदान्त विज्ञान सुनिश्चितार्थाः सन्यासयोगाद् यतयः शुद्ध सत्वाः
ते ब्रह्म लोकेषु परान्तकाले परामृताः परिमुच्यन्ति सर्वे ॥ ४ ॥

કેવા સંન્યાસી મોક્ષને પ્રાપ્ત કરી શકે છે? જેમણે વેદાન્ત શાસ્ત્રનો નિશ્ચય કરેલો છે. સંન્યાસ આશ્રમમાં રહેલો છે જે શુદ્ધ અંતઃકરણવાળા યોગી મુક્તિનો લાભ મેળવી બ્રહ્મલોકમાં પહોંચે છે.

विविक्त देशेच सुखासनस्थः शुचिः समग्रीव शिरः शरीरः ।
अन्त्याश्रमस्थः सकलेन्द्रियाणि निरुध्य भक्त्या स्वगुरुं प्रणम्य ५ ।

એકાન્ત જગ્યામાં પોતાના મનને સ્થીર રાખી આસન પર ડોકને સીધી રાખી, બેસી જે બ્રહ્મચારી પોતાના ગુરૂને પ્રણામ કરી શુદ્ધ ચીત્તથી ધ્યાન કરે છે અને પોતાની સંપૂર્ણ ઇન્દ્રીઓને વશ કરી (કાબુમાં રાખી) એટલે બ્રહ્મચર્યનું યથાર્થ પાલન કરે છે, તે મુક્તિને પામે છે

हृत्पुण्डरीकं विरजं विशुद्धं विचिन्त्य मध्ये विशदं विशोकम् ।
अचिन्त्यमव्यक्तमनन्तरूपं शिवं प्रशान्तममृतं ब्रह्मयोनिम् ॥६॥

હૃદયમાં કમલાકાર રજોગુણરહીત શુદ્ધ અંતઃકરણથી એટલે સુખ દુઃખ વિશે જેના મનમાં આ બાબતનું કશું ભાન નથી, મંગળ સ્વરૂપ અવિદ્યારૂપી દોષથી રહીત છે, જેમાં જગતનો નાશ થાય છે, જગતમાં જે કારણ રહેલું છે, કે જન્મ થવાનું જે કારણ છે તે બરાબર સમજે છે તે ખરેખરો બ્રહ્મ છે.

तमादिमध्यान्त विहीनमेकं विभुंचिदानन्दमरूपमद्भुतम् ।
उमासहायं परमेश्वरं प्रभुं त्रिलोचनं नील कंठं प्रशान्तम् ।
ध्यात्वा मुनिर्गच्छति भूतयोनिं समस्त साक्षिं तमसः परस्तात् ।७।

જેનું આદી, મધ્ય, ને અંત્ય નથી અને જે છે તે એક જ છે, સર્વવ્યાપક છે, ચૈતન્ય છે, આનંદસ્વરૂપ છે, નવાઇ જેવું છે, પાર્વતી જેના અડધા અંગે છે, એવા ત્રણ નેત્રોવાલા નીલકંઠ, શાન્તસ્વરૂપ, આકાશાદીકનું કારણ મહાદેવનું ધ્યાન કરી મનુષ્ય બ્રહ્મભાવને પ્રાપ્ત કરે છે, આ સર્વના સાક્ષીભુત છે, અજ્ઞાનથી ઉપર છે, શાસ્ત્રમાં પણ લખ્યું છે કે "**अक्षरात्परतः परः**" અક્ષર જે તેજસ્વી હીરણ્યગર્ભ છે, આના પર માયા છે, અને માયાથી પણ દૂર, પર પુરૂષ.

स ब्रह्मा स शिवः सेन्द्रः सोऽक्षरः परमः स्वराट् ।
स एव विष्णुः स एव प्राणः स कालोग्निः स चन्द्रमाः ॥८॥

આ મનુષ્ય બ્રહ્મ છે, આ મનુષ્ય શંકર છે, આ ઇન્દ્ર છે, આ અક્ષર છે, આ સ્વયંપ્રકાશ છે, આ વિષ્ણુ છે, આ પ્રાણ છે, આ કાલરૂપ અગ્નિ છે, આ ચંદ્ર છે.

स एव सर्वं यदभूतं यच्च भव्यं सनातनम् ।
ज्ञात्वातं मृत्यु मत्येति नान्यः पन्था विमुक्तये ॥९॥

આ બ્રહ્મ ભૂત વસ્તુ છે, અને થવાવાળી વસ્તુ તદ્રુપ છે અર્થાત્ સંપૂર્ણ દુનિયા, એનું સ્વરૂપ છે, આવો જે આત્મા છે, તેને નક્કીપણે સમજી મૃત્યુરૂપી કાલને સમજુ માણસ જીતી શકે છે, આત્મજ્ઞાન સિવાય મોક્ષને માટે બીજો માર્ગ નથી.

सर्वभूतस्थमात्मानं सर्वं भूतानि चात्मनि ।
सपश्यन् ब्रह्मपरमं याति नान्येन हेतुना ॥१०॥

સચરાચર વિશ્વમાં સ્થિર અને સંપૂર્ણ વિશ્વ જેમાં વિદ્યમાન છે, આવો બ્રહ્મનો સાક્ષાત્કાર થવાથી મોક્ષની પ્રાપ્તી થાય છે, બીજા કોઈપણ સાધનથી પ્રાપ્તી થતી નથી.

आत्मानमरणिं कृत्वा प्रणवं चोत्तरारणिम् ।
ज्ञान निर्मथनाभ्यासात्पापं दहति पण्डितः ॥११॥

કે જેવી રીતે અરણીના લાકડાથી અગ્નિ પેદા કરવામાં આવે છે એક લાકડુ નીચે ને બીજુ ઉપર રાખવામાં આવે છે તેમ આત્માને ઉપર રાખી ૐકારને નિચે રાખી જ્ઞાનરૂપ મંથનરૂપી અભ્યાસ કરવાથી અશુભ કર્મોનો નાશ થાય છે.

स एव मायापरिमोहितात्मा शरीरमास्थाय करोतिसर्वम् ।
स्त्रियन्नपानादि विचित्र भोगैः स एव जाग्रत्यरितृप्ति मेति॥१२॥

જે બ્રહ્મના જ્ઞાન વિનાનો છે, મૂઢ બ્રહ્મ જીવરૂપ આ સ્થૂળ શરીરમાં અભિમાન ધરાવી કર્મો કર્યા કરે છે, સ્ત્રી, અન્નાદીક અનેક જાતના ભોગો જાગ્રત અવસ્થામાં ભોગવી તેટલી ઘડી સુખને પ્રાપ્ત કરે છે.

स्वप्ने स जीवः सुख दुःख भोक्ता स्वमाययाकल्पित जीव लोके ।
सुषुप्ति काले सकले विलीने तमोऽभिभूतः सुखरूपमेति ॥१३॥

રાત્રે સ્વપ્નામાં જેવી રીતે સુખ દુઃખ દેખાય છે, એવું આ માયાથી બનેલું જગત છે અને અજ્ઞાનથી જે જે પ્રપંચો કરવા પડે છે ને તે વિજયવંત બને છે, આ બધું અજ્ઞાનથી થાય છે સુખ દુઃખ આ સ્વરૂપથી ભોગવવું પડે છે.

पुनश्च जन्मान्तर कर्मयोगात् स एव जीवःस्वपिति प्रबुद्धः ।
पुरत्रये क्रीडति यस्य जीवस्ततः सुजातं सकलं विचित्रम् ।
आधार मानन्द मखण्ड बोधं यस्मिल्लँयंयाति पुरत्रयश्च ॥१४॥

પૂર્વના સંચીત કર્મના લીધે આ આનંદને છોડી આનંદનો અનુભવ કરવાવાળા, અજ્ઞાન અવસ્થા, જાગ્રત ભાવને જાણી શકે છે, આ રીતે ત્રણ શરિરમાં ફરવાવાળો, જે જીવ છે, એનાથી જુદો પરમાત્મા છે, જેનાથી જગત પેદા થયું છે જે બધાનો આધાર છે, જેવી રીતે દોરડુ વણવામાં આવે છે તેવી રીતે બધા જગતનો આધારઃ બ્રહ્મ છે. આ બ્રહ્મમાં બધા જગતનો નાશ થાય છે, સ્થૂળ, સૂક્ષ્મ અજ્ઞાનમય ત્રણે શરિરોનો નાશ થાય છે. આવું આનંદરૂપ અખંડ જ્ઞાનરૂપ બ્રહ્મ છે.

एतस्माज्जायते प्राणो मनः सर्वेन्द्रियाणिच ।
खं वायु ज्योतिरापश्च पृथ्वी विश्वस्यधारिणी ॥१५॥

આ બ્રહ્મથી પ્રાણ પેદા થાય છે, અને મન, બધી ઇન્દ્રીઓ તથા આકાશ, વાયુ, તેજ, જલ, પૃથ્વી, આ સંસારને ધારણ કરવાવાળો પંચભુત આત્માથી ઉત્પન્ન થાય છે.

यत्परं ब्रह्म सर्वात्मा विश्वस्यायतनं महत् ।
सूक्ष्मात् सूक्ष्मतरं नित्यं सत्वमेव त्वमेवतत् ॥१६॥

જે સુપ્રસિદ્ધ બ્રહ્મ છે, આ સ્થાવર જંગમનો આધાર છે, અને સંપૂર્ણ ભુતોનો આત્મા બધાથી મોટો છે અને નાહાનામાં પણ નાહનો છે અને તે નિત્ય છે આ જાણવાવાળો બરાબર સમજે છે તે પોતે પોતાના આત્માને ઓળખે છે.

जाग्रत्स्वप्न सुषुप्त्यादि प्रपञ्चं यत्प्रकाशते ।
तद्ब्रह्माहमितिज्ञात्वा सर्वबन्धैः प्रमुच्यते ॥१७॥

જે બ્રહ્મથી જાગ્રત, સ્વપ્ન નિદ્રાવસ્થા બધો પ્રપંચ દેખાય છે એ બધું બ્રહ્મ હું છું. આવું જાણી અવિદ્યા બંધનથી મોકળો થઈ અર્થાત્ મુક્તિભાવને પ્રાપ્ત થાય છે.

त्रिषू धामसु यद् भोग्यं भोक्ता भोगश्च यद् भवेत् ।
तेभ्यो विलक्षणः साक्षी चिन्मात्रोऽहंसदाशिवः ॥१८॥

ત્રણ સ્થાનમાં ભોગ્ય, ભોક્તા, ભોગ, આ વિકારી વસ્તુઓથી વિલક્ષણ સાક્ષીભુત ચૈતન્ય સ્વરૂપ સદા કલ્યાણ રૂપ હું છું.

मय्येव सकलं जातं मयि सर्वं प्रतिष्ठितम् ।
मयि सर्वं लयं याति तद्ब्रह्माद्वयमस्म्यहम् ॥१९॥

મારાથી બધું વિશ્વ ઉત્પન્ન થયું છે, ઉત્પન્ન થયું છે. ઉત્પન્ન થઈ મારામાંજ સ્થીર છે અને મારામાંજ બધા પ્રપંચનો પણ લય થાય છે. આવું અદ્વિતીય બ્રહ્મ રૂપ હું છું.

अणोरणीयानहमेव तद्वन् महानहं विश्वमहंविचित्रम् ।
पुरातनोह पुरुषोऽहमीशी हिरण्मयोहं शिवरूपमस्मि ॥२०॥

અણુથી અણું અથવા નાનાથી નાનું અથવા મોટાથી મોટું હું છું મારૂં સ્વરૂપજ આ વિચિત્ર જગતના રૂપમાં દેખાય છે. અર્થાત્ પ્રગટ છે. હું બહુ જુની અવસ્થાવાળો છું, પૂર્ણ રૂપ છું, અવિદ્યાની દશામાં મારૂં ઇશ્વર એવું નામ થયું. સમષ્ટિ સુક્ષ્મ શરીરના અભિમાનથી મારૂં હીરણ્યગર્ભ (સુવર્ણ સમાન) નામ થયું હુંજ મંગલ સ્વરૂપ છું.

अपाणि पादोऽहमचिन्त्यशक्तिः पश्याम्य चक्षुः सश्रृणोस्य कर्णः।
अहं विजानामिविविक्त रूपो न चास्ति वेत्ता ममचित्सदाहम॥२१॥

જેને હાથ પગ નથી, જેની શક્તિનો પાર નથી, પગ નથી છતાં વેગથી ચાલ્યા કરે છે, નેત્ર નથી છતાં જગતને જોયા કરે છે, કાન નથી છતાં જગતના શબ્દો સાંભળ્યા કરે છે. જગતના પ્રપંચને જે જાણે છે, બુદ્ધિ વિગેરેથી જુદું જેનું સ્વરૂપ છે એવો હું છું. મને જાણવાવાળો કોઇ નથી આ મંત્રને ગોસ્વામી તુલસીદાસજીએ રામાયણમાં કહ્યો છે કે " બિનુ પગ ચલૈ સુને બિનુ કાના, કર બિનુ કર્મ કરે વિધિ નાના" આનન રહિત સકલ રસ ભોગી બિનુ વાણી વકતા બડ યોગી "

वेदैरनेकैरहमेव वेद्यो वेदान्त कृद्वे दविदेव चाहम्।
न पुण्य पापेमम नास्ति नाशो न जन्मदेहेन्द्रिय बुद्धिरस्ति॥२२॥

રૂગવેદ તથા બધા વેદો મારા ગુણ ગાય છે., અને વેદાંગને જાણવાવાળા વ્યાસ રૂપ હું છું. પૂણ્ય, પાપથી મારે કંઈ લેવા દેવા નથી, મારૂં કોઈ શરીર નથી, મારે ઈન્દ્રીયો નથી કે નથી મરે બુદ્ધિ

न भूमिरापो न च वह्निरस्ति न चानिलोमेऽस्ति नचाम्बरञ्च।
एवं विदित्वा परमात्मरूपं गुहाशयं निष्कलमद्वितीयम्॥२३॥

મારા સ્વરૂપમાં પૃથ્વી, જળ, તેજ, વાયુ, આકાશ નથી, અંતઃકરણથી પરમાત્મામાં નિષ્કામ, શોકકલા રહીત અદ્વિતીય સ્વરૂપને જાણે છે, તે મોક્ષ મેળવે છે.

समस्त साक्षिं सदसद्विहीनं प्रयातिशुद्ध परमात्मरूपम् ॥२४॥

જે બધાને એકસરખુ ગણે છે. સત અને અસતને જુદુ માનતો નથી, આવા પરમાત્માના સ્વરૂપને જે વિદ્વાન અંતઃકરણથી પરમાત્માનું સ્વરૂપ જ માને છે, તે પરમાત્માના સ્વરૂપને પ્રાપ્ત કરે છે.

यः शतरुद्रियमधीते सोऽग्नि पूतो भवति ।
सवायु पूतो भवति स आत्मा पूतो भवति ।
स सुरा पानात्पूतो भवति ।
स ब्रह्म हत्यायाः पूतो भवति ।
स सुवर्ण स्तेयात् पूतो भवति ।
स कृत्याकृत्यात्पूतो भवति ।
तस्मादविमुक्तःमाश्रितो भवत्वन्त्याश्रमी सर्वदा
सकृद्वा जपते अनेन ज्ञानमाप्नोति संसारार्णव नाशनम् ।
तस्मादेवं विदितैनं कैवल्यं पदमश्नुते कैवल्यं पदमश्नुत इति॥२५।

જે મનુષ્ય મોક્ષની ઇચ્છાવાળો છે તે "નમસ્તે" ઇત્યાદી શતરૂદ્રિનો પાઠ કરે છે, તે વેદ પ્રતિપાદ અગ્નિ તથા વાયુથી પવિત્ર થાય છે. મદ્યપાનના પાપથી મુકત થાય છે, બ્રહ્મહત્યાના પાપથી શુદ્ધ થાય છે, સુવર્ણની ચોરી કરનાર તથા જ્ઞાનપૂર્વક પાપ કરનાર અથવા અજ્ઞાનથી પાપ કરનાર શતરૂદ્રિ કરવાથી મુકત થાય છે. શતરૂદ્રિના પાઠથી શંકરના રૂપને પ્રાપ્ત થાય છે,

અન્ત્યાશ્રમી અથવા પરમહંસ લક્ષણને પ્રાપ્ત થાય છે. હંમેશાં અથવા એકવાર આનો જપ કરે તો આ રૂદ્રાખ્યાથી જપથી સંસારનો નાશ કરવાવાળા જ્ઞાનને પ્રાપ્ત કરે છે. આનાથી આત્માનો સાક્ષાત્કાર થાય છે, અને તેથી મોક્ષ મળે છે.

विदुषां तोषपोषाय दोषमोषाय दोषिणाम् ।
जगतामुपकाराय मयेयम्भ्राजताङ्कृतिः ॥

સતપુરૂષોના આનંદ માટે, અને દોષવાળા મનુષ્યોના દોષ દુર કરવા માટે, અને જગતના કલ્યાણ માટે અમારૂં આ કર્તવ્ય હંમેશાં પ્રાપ્ત થાઓ,

भूनिधि निधि चन्द्राब्दे भाद्रे मासे सितेदले
त्कृतमगादिदं कृत्यं पञ्चम्यां कवि वासरे ।

આ ગ્રંથ સંવત ૧૯૯૧ ના ભાદરવા સુદ ૫ ને શુક્રવારે પુરો કર્યો છે.

इति श्रीमतपरमहंस परिव्राजकाचार्य श्री स्वामीपरमानन्द विरचित "मोक्षप्रदीपिकायां" ज्ञान योगो नाम तृतीय खण्डः समाप्तः

*** ॐ शान्तिः शान्तिः शान्तिः ***

કીર્તન

તીન ટૂક કૌપીન કે, અરૂ ભાજી બિન લૌન ।
'તુલસી' રઘુવર ઉર બસેં, ઈન્દ્ર બાપુરો કૌન ? શ્રી મન્નારાયણ

ગોધન ગજધન વાજિધન, ઔર રતનધન ખાન ।
જો આવે સન્તોષ ધન, સબ ધન ધૂલ સમાન ॥ શ્રી મન્નારાયણ

સન્ત સમાગમ હરિ કથા, 'તુલસી' દુર્લભ દોય ।
દારા, સુત, અરૂ લક્ષ્મી, પાપિહું કે ઘર હોય ॥ શ્રી મન્નારાયણ

જૈસી પ્રીતિ હરામ સે, વૈસી હરિ સે હોય ।
ચલા જાય બૈકુણ્ઠ મેં, પલ્લા ન પકડ઼ે કોય ॥ શ્રી મન્નારાયણ

જાકો રાખે સાંઇયાં, મારિ સકે નહિં કોય ।
બાલ ન બાંકા કરિ સકે, જો જગ બૈરી હોય ॥ શ્રી મન્નારાયણ

કામ ક્રોધ મદ લોભ કી, જબ લગ જગ મેં ખાન ।
ક્યા પંડિત ક્યા મૂરખા, દોનોં એક સમાન ॥ શ્રી મન્નારાયણ

અર્વ ખર્વ લોં દ્રવ્ય હૈ, ઉદય અસ્ત લોં રાજ ।
'તુલસી' જો નિજ મરણ હૈ, તો આવે કેહિ કાજ ॥ શ્રી મન્નારાયણ

રામ નામ મેં આલસી, ભોજન મેં હુસિયાર ।
તુલસી ઐસે જીવ કો, બારબાર ધિક્કાર ॥ શ્રી મન્નારાયણ

'તુલસી' પૂરબ પાપ તેં, હરિચરચા ન સુહાય ।
યાહી તે કૂકર ભયો, ઘર ઘર ડણ્ડા ખાય ॥ શ્રી મન્નારાયણ

શિવાર્પણમસ્તુ

મોક્ષપ્રદીપિકા સમાપ્ત

આ પુસ્તક મુમુક્ષુ જનોના લાભાર્થે મોહનલાલ નારણદાસ પટેલે તેમના માતુશ્રી પાર્વતીબાઇના સ્મરણાર્થે અમુલ્ય કિમતે છપાવી પ્રસીદ્ધ કર્યું છે.

— પુસ્તક મળવાનું ઠેકાણું —

મોહનલાલ નારાણદાસ પટેલ

સોના, ચાંદી તથા ઝવેરાતના દાગીનાના વેપારી.

રતનપોળના નાકે. અમદાવાદ.

स्वामीजी महाराजसे काशीका पता—

श्रीमत्परमहंस परिव्राजकाचार्य मण्डलेश्वर

श्रीमान् १०८ श्री स्वामी परमानंदजी महाराज

मृत्युंजय आश्रम, मो० टेढोनीम, काशी

हरद्वार का पता—

हरिहर आश्रम

पो० आ० कनखल

जि० सहारनपुर ।

અમદાવાદ : શાહપુર રોડ કલ્યાણ પ્રિ. વર્કસમાં માધવલાલ ધરમચંદે છાપ્યું.